# ‘સન્ડે ઈ.મહેફીલ’ના વાચકમીત્રોને
# ભાવપ્રેમથી ‘વીદાય–સલામ’..
# – ‘સ.મ.’ના સંપાદકો

હવેથી આપના Inboxમાં ‘સન્ડે ઈ.મહેફીલ’ની pdf File નહીં આવે.. ‘સ.મ.’ની આજની આ મેલ, તે છેલ્લી પોસ્ટ છે. હવે આજથી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ આપ સૌની કાયમી વીદાય લે છે..

સને 2005માં જ્યારે યુનીકોડ ફોન્ટ નહોતા, કમ્પ્યુટરમાં કશું ગુજરાતી વાચન પ્રાપ્ત નહોતું; ત્યારે ગુજરાતમાં, ગુજરાતનાં બીજાં રાજ્યોમાં અને દેશવીદેશે સ્થાયી થયેલા ગુજરાતીઓને, બેપાંચ પાનાંનું જીવનપોષક, રસીક ‘સુવાચન’ પ્રાપ્ત થાય, ગુજરાતી સાહીત્યની સર્જાયેલી અને સર્જાતી કૃતીઓનો તેમને પરીચય મળી રહે તે આશયથી, આ ‘સન્ડે ઈ.મહેફીલ’નો ઉપક્રમ શરુ કરેલો. નનયુનીકોડ ફોન્ટમાં રચના લખી, તેની પીડીએફ બનાવી, તે મોકલવાની શરુ કરેલી.. તે વાતને સોળ વરસનાં વહાણાં વાઈ ગયાં..

હવે યુગ બદલાયો છે. ગુજરાતીને યુનીકોડ ફોન્ટ મળ્યા. ફેસબુક, વૉટસેપ, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવાં ઘણાં સરળ અને ઝડપી પ્રસાર–માધ્યમો મળ્યાં છે. છાપાંઓ, તેની પુર્તીઓ, સામયીકો વગેરે.... પુષ્કળ વાચન–સામગ્રી સરળતાથી નેટ પર ઉપલબ્ધ છે.. એટલે હવે આ પ્રવૃત્તીનો, વેળાસર અને અમે જાતેપોતે જ, સંકેલો–સમાપન કરીએ છીએ..

**આમ, 29 મે, 2005થી શરુ થયેલી આ ‘સન્ડે ઈ.મહેફીલ’; આજે 28 માર્ચ, 2021ની આ 475મી છેલ્લી પોસ્ટથી, સદાની વીદાય લે છે.**

તો હવે આ પળે, ખુબ જ આવશ્યક કામ તો એક જ છે. અને તે, આ સોળ વરસની લાંબી ‘સુવાચનયાત્રા’ની પ્રવૃત્તીમાં, અમને જેમનો જેમનો સ્નેહથી સાથ–સહકાર મળ્યો છે – મારા પરીવાર સહીત – તેમનો હૃદયપુર્વક આભાર માની, તેમના ઋણને માથે ચડાવી, તેમનું અભીવાદન કરવાનો – તેમના પ્રતી અંતઃકરણપુર્વક આભાર વ્યક્ત કરવાનો.

**અમે સાચે જ કૃતજ્ઞ છીએ......**

.1. ‘મહેફીલ’ માટે પોતાની કૃતી લેવાની પરવાનગી આપનાર દેશ–વીદેશ સ્થીત સૌ સર્જકોના, જેના વીના આ ઉપક્રમ શક્ય જ નહોતો...

.2. આવી પરવાનગી મેળવવામાં સહાયભુત થયેલા અને સર્જકોની કૃતી, તેમનો પરીચય અને ફોટો મેળવવામાં પણ સક્રીય મદદ કરનાર સૌ સહૃદયી, ઉત્સાહી, સેવારત, સાહીત્યરસીક મીત્રોના...

.3. વીદેશમાં વસતા સાહીત્યકારોની કૃતીઓ મેળવી, તેના સંપાદનનો કાર્યભાર સંભાળી લેનાર અઝીઝ મીત્ર સ્વ. હરનીશભાઈ જાનીના... તેમ જ અહીં, ગઝલ–સંપાદનમાં શરુઆતના કાળમાં, સક્રીય મદદ કરનાર આચાર્ય કવી મીત્ર શ્રી મનસુખ નારીયાના.. અને ત્યાર પછી આજદીન સુધી, પદ્યવીભાગનો કાર્યભાર સંભાળનારા, અતીથી સમ્પાદક, ગુજરાતી ભાષાના પ્રસીદ્ધ ગઝલકાર કવી, ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર અને નીવૃત્ત વીજ્ઞાન–શીક્ષક મીત્ર શ્રી સુનીલ શાહના.... જેઓ, પસંદગી પામેલી અને ‘સ.મ.’માં સ્થાન પામનારી, હજારો ગઝલો ટાઈપ કરી, પ્રુફ–રીડીંગ કરી, મને મોકલતા રહ્યા છે, તેમનો તો દીલથી આભાર અને ઋણ પણ. ગઝલો ટાઈપ કરતાં કરતાં સુનીલભાઈ પોતે જ આજે પ્રસીદ્ધ ગઝલકાર બની ગયા છે..

.4. શરુઆતમાં, મહેફીલ વધારે રમણીય બની જેમનાં ધારદાર વ્યંગ–ચીત્રોથી તે, અમેરીકાસ્થીત કાર્ટુનીસ્ટ મીત્ર શ્રી મહેન્દ્રભાઈ શાહના... અને અમદાવાદસ્થીત કાર્ટુનીસ્ટ અને સર્જક મીત્ર શ્રી નીર્મીશ ઠાકરના...

.5. શરુઆતના સમયમાં, સ્વેચ્છાએ નનયુનીકોડ 'વીજયા ફોન્ટ'માં ટાઈપ કરવાનું શીખી, અક્ષરાંકન કરી આપી અને છેક પ્રુફ–રીડીંગ સુધીની સહાય કરનાર વહાલા મીત્રો, શ્રી સુનીલ શાહ, શ્રી જુગલકીશોર વ્યાસ, શ્રી વીજેશ શુક્લ અને અમે અમેરીકા હતાં, ત્યારે સર્વ વાતે આવા જ ઉમળકાથી મદદ કરનાર મીત્ર સુરેશ જાની, કેપ્ટન નરેન્દ્ર ફણસે અને સ્વ. કીશોર રાવળ વગેરે જીગર–જાન દોસ્તોના...

.6. પાંચ હજારથી વધારે વાચકો થયા અને સૌ વાચકોને અમારાથી જાતે(મેન્યુઅલી) મોકલવાનું મુશ્કેલ બનતાં, મુંબઈ–અમદાવાદની તે સમયની, મૅગ્નેટ ટૅક્નોલૉજીના ભાઈ શ્રી અશોક કરણિયા અને તેમના સ્ટાફનાં શ્રી મીનાબહેન છેડા, કાર્તિક મિસ્ત્રી, અંકુર પટેલ અને શ્રી જાગૃતિબહેન વાલાણી વગેરે તરવરીયાં યુવાન–ભાઈબહેનો અમારી વહારે ધાયાં અને નીયમીતતાથી હજારો મીત્રોને 'મહેફીલ' પહોંચાડતા રહ્યાં તેમના...

સમયાંતરે 'સ.મ.'ને 'લેક્સિકન'ના સર્જક સ્વ. રતીલાલ ચંદરયાની છત્રછાયા મળી અને અમદાવાદમાં 'લેક્સિકન'ની ઓફીસ બની. ત્યારથી આજદીન સુધી એની રવાનગીનું કામ, નીયમીતરુપે અને ઉમળકાથી કરી રહેલાં બહેન શ્રી મૈત્રી શાહ, શ્રુતિ પટેલ, મીનલ મિસ્ત્રી, સ્વ. હિતેન્દ્ર વાસુદેવ તથા દેવલ તલાટીનો અને એમની સાથે કામ કરતા સર્વ સાથીઓનો તો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. છેલ્લા કેટલાક માસથી તો મેલ મોકલવી જ મુશ્કેલ થઈ ગઈ. ત્યારે સુરતના ભાઈ ગૌરવ રાદડીયાએ, એમના એક પ્રોગ્રામ મારફત મેલ મોકલવાની સગવડ કરી આપી, એ બદલ એમનો હાર્દીક આભાર...

.7. જરાયે આગોતરા અણસાર આપ્યા વીના, નીઃસ્વાર્થભાવે, કેવળ ઉમંગ અને પુરા ભાવથી, ‘સન્ડે ઈ.મહેફીલ’ માટે એક સર્વગ્રાહી વેબસાઈટ https://sites.google.com/site/semahefil/ બનાવી આપનાર અને બધી જ પોસ્ટને, ચેન્નઈ, નવસારી કે મુમ્બઈ બેઠેબેઠે અપલોડ કરતા રહી, અમને સરપ્રાઈઝ ભેટ ધરનાર નવસારીના વહાલા ભાઈ શ્રી હિમાંશુ મિસ્ત્રીના..

.8. ‘ગુજરાતમીત્ર’, ‘દીવ્ય ભાસ્કર’, ‘મુંબઈ સમાચાર’ વગેરે દૈનીકો તથા ‘નયા માર્ગ’, ‘વીવેકપંથી’, ‘સૌજન્ય માધુરી’, ‘સત્યાન્વેષણ’, ‘ઓપીનીયન’(બ્રીટન), ‘માતૃભાષા’(ઓસ્ટ્રેલીયા), ‘ગુજરાત દર્પણ’(અમેરીકા), ‘ચિત્રલેખા’ વગેરે સામયીકોના તંત્રી–સંપાદકશ્રીઓ અને લેખક મીત્રોના, જેમણે ‘સન્ડે ઈ.મહેફીલ’ની પ્રવૃત્તીની ખાસ નોંધ લઈ તે અંગેના અહેવાલ–લેખ પ્રસીદ્ધ કર્યા તે માટે...

.9. છેલ્લે, અમે ખાસ તો આભારી મહેફીલના સુજ્ઞ અને ગુણગ્રાહી હજારો વાચક–ભાવકમીત્રોના, જેઓ પોતાના પ્રેમાળ પ્રતીભાવો અને મૈત્રીની ઉષ્મા વડે અમને સતત પ્રોત્સાહીત કરી સજાગ રાખતા રહ્યા અને જેમણે આ સાદાસીધા ઉપક્રમને અમારા માટે ‘ઉમદા યાત્રા’માં પરીવર્તીત કર્યો છે તેમના...

તે સીવાય પણ, જે જે મીત્રોએ એક યા બીજા સ્વરુપે અમને સહાય કરી છે, તે સહુના અમે દીલથી આભારી છીએ... તો વહાલા મીત્રો, સ્નેહભર્યા પ્રણામ સાથે વીદાય, આવજો... મેલ કે વૉટસેપથી તો આપણે મળતા જ રહીશું....અલવીદા..

&&&

‘લેક્સિકન’ના સારથી અને ‘સ.મ.’ના સદાના સાથી, ભાઈ અશોક કરણિયા, પોતાની લાગણી નીચેના શબ્દોમાં વ્યક્ત કરે છે..

‘Sunday eMahefil’ is an immensely popular and life-enriching periodical. ‘SeM’ has carefully curated and

showcased the best work in **475** POSTs in **16** years from writers across the globe.

'Sunday eMahefil' is not a magazine, it is a movement! What started as a small attempt to preserve and promote Gujarati language, became a juggernaut! The visionary Uttam Gajjar has initiated the idea and has given his everything to make it a successful mission. His passion found support from Shri Balvant Patel, Shri Ratilal Chandaria and other like-minded friends.

'SeM' has played an immense role in promoting the language - especially during the initial days of computer and internet in **2005**. It became a habit - A lovely and warm addiction for thousands of its readers. The 'SeM' email was a high awaited email for many people and they left everything to read it immediately! And it was forwarded so many times!

As technology progressed, 'SeM' adopted it and continued to reach Gujarati readers. It was available on many websites, got the eBook avatar and now spreading through WhatsApp.

All good things come to an end and 'Sunday eMahefil' has played its important role in nurturing the language in the days when no other technology form or digital media catered to Gujarati Readers.

Though 'SeM' as a periodical may stop, the seeds sown by it, will continue to flower!

&&&

આટલું કહ્યા પછી, બીજી બે વાત કહેવાની બાકી રહે છે :–

એક : ‘સ.મ.’ની ઈ.બુક્સ વીશે. ‘સ.મ.’માં પ્રકાશીત થયેલી **475** રચનાઓની અમે ઈ.બુક્સ બનાવી છે. દરેક ઈ.બુકમાં પચીસ રચનાઓ છે.. એવી ઓગણીસ ઈ.બુક્સ છે. જે છુટથી અને મફત ડાઉનલોડ પણ થઈ શકે છે.

તે ઉપરાંત ‘સ.મ.’માં પ્રકાશીત થયેલી ગઝલ, ગીત, કાવ્ય, અછાંદસ રચનાઓની ચાર ઈ.બુક્સ થઈ છે. બીજી દસેક ઈ.બુક્સ પ્રકાશીત કરવાનું પણ વીચારાયું અને ગોઠવાયું છે.

નીચેનાં સ્થળેથી તે બધી જ ઈ.બુક્સ તમે મફત ડાઉનલોડ કરી શકો છો. અત્યાર સુધીમાં હજારો વાચકોએ તે ડાઉનલોડ કરી છે, તેના આંકડાઓ પણ તમે ત્યાં જોઈ શકશો..

https://www.gujaratilexicon.com/ebooks/

And

http://www.aksharnaad.com/downloads/

*(જો કોઈ વાચક જાતે તેમ ન કરી શકે અને મને પોતાના નામ–ઠામ, મોબાઈલ ફોન નંબર સાથે વીગતે ઈ.મેલ લખશે, તો હું તેમને તે મોકલી આપીશ..)*

હવે બીજી વાત :

2019ના જાન્યુઆરીથી, જુની ‘સ.મ.’માંની, પસંદગીની જુની પોસ્ટ્સ નવી પેઢીને પીરસવા, અમે ‘મોબાઈલ એડીશન’ શરુ કરી છે. આંખને જરાયે પરીશ્રમ આપ્યા સીવાય, સાવ સરળતાથી સૌ મોબાઈલમાં વાંચી શકે તે માટે, તે મોટ્ટા અક્ષરે

બનાવી છે.. અઢી હજારથીયે વધારે વાચકો તેમાં જોડાયા છે. આનંદની વાત એ છે કે યુવાપેઢી પણ આ ‘વાચનયાત્રા’માં ઉલટભેર જોડાઈ રહી છે.. પુરા એક સો અગીયાર શુક્રવારથી, દર શુક્રવારે, માત્ર એક જ પીડીએફ, વૉટસેપથી નીયમીત મોકલાય છે..

જો તમે વૉટસેપ વાપરતા હો તો અને તેમાં જોડાવા ઈચ્છો તો, મને મારા વૉટસેપ નંબર (Uttam Gajjar -Surat - +91 97268 98772) પર, તમારું *પુરું નામ- સરનામું* લખી, મને વૉટસેપ સંદેશ મોકલી શકો છો.

અમને લાગ્યું કે હવે ઈ.મેલ વ્યવહાર–પ્રવાહ પણ પાતળો પડી, *ખો..ડં..ગા..ઈ* રહ્યો છે.. વૉટસેપનું ચલણ વધ્યું છે, તેથી હવે આ ‘સુવાચનયાત્રા’ને અમે વૉટસેપના સરળ અને સુગમ માર્ગે ચડાવી છે..

જરુર પડ્યે, મેલથી કે વૉટસેપથી તો આપણે જરુર મળતા રહીશું. અલવીદા..

‘જય ગુજરાતી’

Late- Ratilal Chandaria,
Late- Balvant Patel,
Uttam Gajjar, e-mail:uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail: ashok@gujaratilexicon.com
Maitri Shah, e-mail: maitri@gujaratilexicon.com
Sunil Shah, e-mail: sunilshah101@gmail.com

‘સ.મ.’ના સંપાદકો વતી,

–ઉત્તમ.મધુકાન્તા ગજ્જર(સુરત)

**2021-03-28**

@@@@@@@@@


Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 4,14,81,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 1,92,84,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 11,39,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
More than 13,72,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@

**475.SUNDAY_eMAHEFIL-VIDAAY_SALAAM-Sampaadak_ManDaL-SeM-28-03-2021**

@@@@@

| | |
|---|---|
|  Late-Ratilal Chandaraya |  Late-Balvantbhai Patel |

દીવંગત બન્ને મહાનુભાવોને અમારા શત શત સ્નેહ–વંદન

@@@@@